### 1.99 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આદરી

# અંકલેશ્વરમાં પોલીસે પીગમેન્ટ ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

બાકરોલ બ્રિજ પાસે તાલુકા પોલીસ ટ્રાફિક નિયમન કરી રહી હતી તે દરમિયાન એક છોટા હાથી ટેમ્પો ચેક કરતા અંદર થી લીલા રંગ ની પીગમેન્ટ કલર જેવી બેગ મળી આવી હતી જે અંગે ચાલક પાસે જરૂરી બિલ્ટી માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો જે આધારે તાલુકા પોલીસે એ ટેમ્પો ચાલક ખરોડ ના રવિદાસ ભરત વસાવા વધુ પૂછપરછ કરતા તેણે આ કેમિકલ અંકલેશ્વર જીઆઈડીસી માં થી આવેલ ઢોલરીયા કેમિકલ કંપની માંથી ભરી પાનોલી જીઆઈડીસી માં આવેલ કોલોટ્રોન કેમિકલ કંપની માં લઈ જઈ રહ્યો હતો. જે કેમિકલ અંગે જરૂરી બિલ માંગતા તેને ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા ટેમ્પો ખરોડ ના મહેબૂબ શાહ નો હોવાનું જણાવ્યું હતું જે જોતા શંકા આધારે પોલીસે પ્લાસ્ટિક ની થેલી ઓ માં લીલો કલર આશરે 170 કિલોગ્રામ વજન ની કિંમત રૂપિયા 99450 નો જથ્થો તેમજ છોટા હાથી ટેમ્પો 1 લાખ મળી પોલીસે 1.99 લાખ રૂપિયા નો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ ટેમ્પા ચાલાક રવિદાસ વસાવા ની સી.આર.પી.સી 102 મુજબ અટક કરી મુદ્દામાલ 41.(1) ડી મુજબ જપ્ત કર્યો હતો.

**DATE: 01/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 32 હજાર ઉપરાંતનો જથ્થો જપ્ત કર્યો

# કોસમડી ગામે શંકાસ્પદ ભંગાર સાથે 2 ઝડપાયાં

### તસ્કરોએ એક દુકાનમાં જથ્થો સંતાડી રાખ્યો હતો



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કોસમડી ગામ ખાતે શંકાસ્પદ ભંગાર ઝડપી પાડ્યો હતો. પોલીસે ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાં વપરાતા લોખંડની મોટરનો જથ્થો તુલસી ભોજનાલય બાજુની દુકાનમાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે 2 ઈસમોની અટકાયત કરી 32 હજાર ઉપરાંતનો ભંગારનો જથ્થો જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા ગત રોજ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન વાલિયા રોડ પર કોસમડી ગામ ખાતે પટેલ પાર્ક સોસાયટી પાસે આવેલા તુલસી ભોજનાલયની બાજુ માં શંકાસ્પદ ભંગારનો જથ્થો દુકાન માં હોવાની માહિતી મળી હતી જે આધારે પોલીસે દરોડા પાડતા દુકાન માંથી ઈન્ડસ્ટ્રીયલ કંપની માં વપરાતી લોખડ ની મોટરો 8 નંગ મળી હતી હતી જે અંગે દુકાનદાર દર દિનેશ નાથ લાડુ નાથ યોગી અને ભિખાનાથ ગણેશ નાથ યોગી પાસે જરૂરી આધાર પુરાવા માંગતા બંને ઈસમ ગલ્લા તલ્લા કરવા લાગતા પોલીસે 780 કિલોગ્રામ નો મોટર નો જથ્થો કિંમત રૂપિયા 32760 નો જથ્થો સી.આર.પી.સી. 41 (1) ડી મુજબ નો જથ્થો જપ્ત કર્યો હતો જ્યારે .સી.આર.પી.સી 102 મુજબ બંને ભગરીયા ની ધરપકડ કરી પૂછપરછ આરંભી હતી.

**DATE: 01/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 1800 કિલો ભંગાર સહિત કુલ 8.06 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાંથી એલ્યુમિનિયમની પટ્ટીઓ ભરેલી પીકઅપ ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



બાકરોલ બ્રિજ પાસેથી એલ્યુમિનિયમની પટ્ટી ભરેલી પીકઅપ ઝડપાઇ.

અંકલેશ્વર ના બાકરોલ બ્રિજ પાસે થી તાલુકા પોલીસે શંકાસ્પદ એલ્યુમિનિયમની પટ્ટી ઓ ભરેલી પીકઅપ વાન સાથે બે ઈસમ ને ઝડપી પાડી રૂપિયા 8 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને બંને ઈસમ ની પૂછપરછ આરંભી હતી.

અંકલેશ્વર તાલુકા પોલીસ ને વાહન ચેકિંગ દરમિયાન નેશનલ હાઈવે પર બાકરોલ બ્રિજ પાસેથી શંકાસ્પદ બોલેરો પીકઅપ વાન ને અટકાવી હતી જેમ તપાસ કરતા એલ્યુમિનિયમની પટ્ટી ઓ નો જથ્થો મળી આવ્યો હતો તાલુકા પોલીસ પીકઅપ વાન ચાલકો રાજુ રમાકાંત દુબે અને લાલુ કુમાર સહદેવ યાદવ ની એલ્યુમિનિયમની પટ્ટી ઓ ના જથ્થા અંગે પૂછપરછ કરતા તેઓ એ સંતોષકારક જવાબ નથી આપતા બંને ની અટકાયત કરી સઘન પૂછપરછ કરતા તેઓ એ એલ્યુમિનિયમની પેટ્ટી નો જથ્થો અંકલેશ્વરની અમન માર્કેટ અને બોમ્બે સ્ક્રેપ ટ્રેડર્સ માંથી ભરી શ્રી રામ મેટલ એકતા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પીપોદરા ખાતે લઈ જતો હોવાનું જણાવ્યું હતું પોલીસે રૂપિયા 3.06 લાખ કિંમત નો 1800 કિલો એલ્યુમિનિયમની પેટ્ટી તેમજ 5 લાખ ની બોલેરો પીકઅપ મળી કુલ રૂપિયા 8.06 લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 02/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ટંકારિયાનો શખ્સ નબીપુરના યુવાનને ચોરીની સાઈકલ આપતો હતો

# ભરૂચમાંથી ઉપરાછાપરી 35 સાઈકલ ચોરનારા બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ શહેરના ઝાડેશ્વર રોડ પર આવેલાં આઈનોક્ષ કોમ્પલેક્ષમાં કેટલાંક ટ્યુશન ક્લાસિસ ચાલી રહ્યાં છે. જેમાં આસપાસના વિસ્તારના બાળકો અભ્યાસ અર્થે આવતાં હોઈ તેઓ સાયકલ લઈને ત્યાં પહોંચે છે. દરમિયાનમાં છેલ્લાં એક-દોઢ મહિનાથી પાર્કિંગમાંથી વિદ્યાર્થીઓની સાયકલ ચોરીની ઘટનાઓ સામે આવી રહી હતી. પોલીસે બનાવને લઈને વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવેલાં સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તપાસ કરતાં તુલસીધામથી ઝાડેશ્વર તરફ એક શખ્સ સાયકલ લઈને જઈ રહ્યો હોવાનું માલુમ પડતાં પોલીસે તેની અટકાયત કરી હતી. પ્રાથમિક પુછપરછમાં તેનું નામ આરીફ અલ્લીમિયા શેખ ( મુળ રહે. જંબુસરના દહેગામના ટેકરા ફળિયાનો વતની અને હાલમાં ટંકારિયા) હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેની સાયકલ ચોરીની હોવાની કબુલાત કરતાં તેની સાથે અન્ય કોણ સંડોવાયેલું છે તે તપાસતાં તેણે જણાવ્યું હતું કે, તે આર્થિક ફાયદા માટે સાયકલ ચોરી કરતો હતો. તેમજ ચોરીની સાયકલો નબીપુરના મેમ્બર સ્ટ્રીટ ખાતે રહેતાં મોહમદ સલીમ મલેકને આપતો હતો. પોલીસે બન્નેના ઘર પાસેથી કુલ બે લાખ રૂપિયાની મત્તાની 34 સાયકલો રિકવર કરી હતી.

**DATE: 02/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## આમોદ-આછોદ ચોકડી પરથી ટ્રક ઝડપાઈ હતી

# ક્રૂરતાપૂર્વક 22 ભેંસનું વહન કરી જતો ટ્રક ડ્રાઇવર ઝબ્બે : માલિક વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદના આછોદ ચોકડી પાસેથી પોલીસે ટ્રકમાં ગેરકાયદે રીતે ક્રૂરતાપુર્વક 22 ભેંસોને ભરીને ધુલિયા જતાં ટ્રક ચાલકને પોલીસે ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે આંટી ગામના શખ્સના તબેલામાંથી ભેંસો લાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે કુલ 3.30 લાખની મત્તાની 22 ભેંસ તેમજ ટ્રક મળી કુલ 8.30 લાખનો મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જંબુસરના ડાભા સર્કલ તરફથી ગેરકાયદે ભેંસ ભરેલી એક ટ્રક આમોદ તરફ આવી રહી હોવાની બાતમીના પગલે આમોદ પોલીસે આમોદ-આછોદ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં રાત્રીના 12 વાગ્યાના અરસામાં ટ્રક આવતાં તેને સાઇડમાં ઉભી રાખી ડ્રાઈવરની વિગતો પુછતાં તેનું નામ સિકંદર કમાલ અહેમદ સૈયદ (રહે. કણભા,તા. કરજણ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે ટ્રકમાં તલાશી લેતાં તેમાં 22 ભેંસને ખીચોખીચ ક્રૂરતા પુર્વક ભરી ઘાસચારો કે પાણીની સુવિધા વિના લઈ જવાતી હોવાનું માલુમ પડતાં ટીમે તેની ધરપકડ કરી વધુ પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેણે આંટી ગામના સોકત રહિમ મલેકના તબેલમાંથી તેણે ભેંસો ભરીને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે જવા માટે નિકળ્યો હતો. પોલીસે કુલ 8.30 લાખનો મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાસ્કર વિશેષ | મહિલા તેના 2 બાળકો સાથે ઘરેથી નીકળી ગઈ હતી : અંકલેશ્વર પોલીસની સફળ કામગીરી

# મહિના પહેલા ગુમ મહિલા અને બે બાળકી મળી આવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે એક મહિના પહેલા ગુમ થયેલ મહિલા અને બે બાળકીને શોધી કાઢી પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. મહિના પૂર્વે મહિલા તેના બે બાળકો સાથે ઘરેથી નીકળી ગઈ હતી. મહિલાના પતિએ જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગાઝિયાબાદ ના ખતરનાક ખોડા વિસ્તારમાંથી ત્રણેયને શોધી કાઢ્યા હતા.

અંકલેશ્વર શહેરના પંચાયતી બજાર કબીર મંદીર ઘવીવાડ વિસ્તારમાં સબીના યાસ્મીન સફીરૂન ઈસ્લામ નુરૂલ હુદા શેખ ઉ.વ.37 નાઓ પતિ અને બે બાળકો સાથે રહે છે.સબીના શેખ 26 મી જૂન 2022 ના રોજ પોતાના બે બાળકો સાથે કોઈ કારણોસર ઘરે થી નીકળી ગયા હતા.આ અંગે તેમના પતિએ આસપાસના વિસ્તાર અને પરિવારજનોના ઘરે તપાસ કરતા તે મળી આવ્યા ન હતા.ત્યાર બાદ તેના પતિએ અંકલેશ્વર શહેર પોલીસ મથકમાં જાણવાજોગ ફરીયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સ થી હકીકતના આધારે અંકલેશ્વર થી બે બાળકી ઓ સાથે ગુમ થયા હતા.જે અંગે શહેર પોલીસ મથકના પીએસઆઈ એ.એસ. ચૌહાણ અને મહિલા પોલીસની એક ટીમ હકીકત વાળા સ્થળે દિલ્હી નજીકના ગાઝિયાબાદના ખોડા વિસ્તાર કે જે ઘણો જ ખતરનાક વિસ્તાર તરીકે જાણીતો છે ત્યાં પહોંચ્યા હતા.અંકલેશ્વર શહેર પોલીસની ટીમે ખુબ જ સાવચેતીરૂપે મહિલા અને બંને બાળકો નું લોકેશન શોધીને અંકલેશ્વર લઈ આવ્યા હતા. ત્યાર બાદ મહિલાની પૂછપરછ કરીને તેનો તેના પતિ અને બાળકો સાથે મિલાપ કરાવ્યો હતો.



એક મહિનાથી ગુમ માતા અને 2 પુત્રી આખરે ગાઝીયાબાદથી મળી આવી.

**DATE: 03/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# અડોલ ગામે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો: ત્રણની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના અડોલ ગામની નવી નગરીમાં રહેતા ત્રણ ઈસમોએ ચાર મહિના પહેલા ગામના એક મકાનને નિશાન બનાવી રોકડા અને સોના-ચાંદીના ઘરેણાની ચોરી હતી. જેઓ ગામની નવી નગરી પાસે ઉભા છે અને ચોરીની ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં છે જેવી બાતમીના આધારે એલસીબીએ રેડ પાડી હતી.પોલીસે સ્થળ પર ઉભેલ ત્રણેય ઈસમોને અટકાવી તેઓની પૂછપરછ કરતા તેઓએ ચાર મહિના પહેલા ગામના અલ્પેશ પટેલના મકાનને નિશાન બનાવી સોનાના ઘરેણા અને રોકડા રૂપિયાની ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. પોલીસે અડોલ ગામની નવી નગરીમાં રહેતો મહેશ ઉર્ફે મનો કાંતિ વસાવા,મહેશ ઉર્ફે કોલો અંબુ વસાવા અને ગોવિંદ ઉર્ફે રોબોટ કાંતિ વસાવાને ઝડપી પાડ્યો હતો જ્યારે ચોરીના ઘરેણાં ખરીદી કરનાર અંકલેશ્વરના સંજય સોનીની પણ અટકાયત કરી મુદામાલ કબ્જે કર્યો હતો.

### આરોપીના કાકાએ સગીરાને ભગાડવામાં મદદ કરી

# અપહરણના ગુનામાં ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચની એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ સ્કોર્ડની ટીમે ત્રણ વર્ષથી અપહરણના ગુનામાં મદદગારી કરનાર ને ઝડપી પાડ્યો હતો. વર્ષ 2019 માં અપહરણ અને પોકસો ની ફરીયાદ નોંધાઈ હતી. આરોપીના કાકાએ સગીરાને ભગાડવામાં મદદ કરી હતી.

અંકલેશ્વર GIDC પોલીસમાં 2019 માં એક સગીરાને ભગાડવામાં મદદગારી કરનાર આરોપીના કાકાને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ સ્કોર્ડ ભરૂચની ટીમે ઝડપી પાડ્યો છે. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક વિસ્તારમાં વર્ષ 2019 માં એક સગીરાનુ અપહરણ કરીને આરોપી ફરાર થઈ ગયો હતો. જે અંગે ની સગીરાના પરિવાર જનોએ અંકલેશ્વર GIDC પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે IPC કલમ-363,366 તથા પોક્સો એક્ટ કલમ-12 મુજબ ગુનો નોંધીને બંનેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. જોકે ત્યાર બાદ પોલીસે સગીરાને શોધી કાઢી હતી.પરંતુ આરોપી પોલીસ પકડથી બચી ગયો હતો.જોકે પોલીસે સગીરાની પૂછપરછ કરતા આરોપી નો કાકા અરવિંદ ભિખાભાઈ ચુનારા એ સગીરાને ભાગવામાં મદદગારી કરીને તેને રીક્ષા માં બેસાડીને બસ સ્ટેન્ડ સુધી મૂકવા ગયો હતો.ત્યાર બાદ આરોપી સગીરાને લઈને ભાગી ગયો હતો.આ અંગેના ગુનામાં મદદગારી આરોપીનો કાકા છેલ્લા ત્રણ વર્ષથી ભાગતો ફરતો હોય એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ સ્કોર્ડ ભરૂચની ટીમે આરોપી અરવિંદ ભિખાભાઈ ચુનારા રહે, મીરાનગર, સારંગપુર તા.અંકલેશ્વર ખાતેથી પકડી પાડીને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને સોંપ્યો છે.

**DATE: 05/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**



**અંકલેશ્વર બેંક લૂંટ કેસ** ક્રાઈમ બ્રાંચના પીઆઈ કે.ડી.મંડોરા અને અંકલેશ્વર સિટીના કોન્સટેબલ ધર્મેશ ઝાલા "હીરો"

# બે જાંબાઝ પોલીસકર્મીઓએ લૂંટારુઓનો ખેલ બગાડયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીનવાલા સર્કલ પર આવેલ યુનિયન બૅંક માં ગુરૂવાર ના રોજ બપોરે 3:59 મિનિટ એક પછી એક 5 જેટલા લૂંટારુ બૅંક માં પ્રવેશ કર્યો હતો પ્રથમ પ્રવેશેલા 2 લૂંટારુઓ એ બાજુ માં રહેલ ગાર્ડ ને બંદૂક બતાવી તેની પાસેથી તેની બંદૂક ઝૂંટવી લીધી હતી. હતી અને પછી એક પછી એક લૂંટારુઓ હવા માં બંદૂક બતાવી કર્મચારીઓ અને અંદર રહેલ ગ્રાહકો ને બૅંક ના એક ખૂણા ના રૂમ માં લઈ ગયા હતા અને એક લૂંટારુ કેશ કાઉન્ટર પર પહોંચ્યો હતો જ્યાં કેશિયર ને બંદૂક બતાવી સાઈડ કર્યો હતો. અને થેલા માં રૂપિયા ભરવા ની શરૂઆત કરી હતી આ દરમિયાન એક લૂંટારુ બૅંક ના દરવાજા પર દરવાજો બંધ કરી પહેરો ભર્યો હતો. ત્યારબાદ 5 મિનિટ માં બહાર નીકળ્યા હતા તે દરમિયાન સામે સિવિલ ડ્રેસ માં રહેલા પોલીસ જવાન ને જોતા જ તેને સીધી બંદૂક બતાવી ધક્કો મારી બૅંક તરફ ધકેલ્યો હતો અને લૂંટારુ બાઈક પર બેસી ભાગવાની કોશિષ કરી હતી. તે દરમિયાન પોલીસ જવાન ગાડી પર થી ડંડો લઈ બંદૂકધારી લૂંટારુ પાછળ દોડ્યા હતા.

લૂંટારુઓએ ધર્મેશ સામે બંદૂક તાકી

ડર્યા વિના લૂંટારુઓનો પીછો કર્યો

રૂપિયા ભરેલી થેલીઓ પરત કરી

CAM 4

## રાજપીપળા ચોકડીએ પોલીસ અને લૂંટારુઓ વચ્ચે 6થી 7 રાઉન્ડ ગોળીબાર

અંકલેશ્વરમાં લૂંટ કરી ભાગેલાં બે લૂંટારૂઓ બાઇક પર રાજપીપળા ચોકડી તરફ આવી રહ્યાં હોઇ ઉપરાંત તેઓની પાસે હથિયાર હોવાની પુરેપુરી શક્યતાઓને લઇને પોલીસે રિવોલ્વર બતાવી તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, લૂંટારૂઓએ સામેથી જ એક રાઉન્ડ ફાયરિંગ કરતાં એલસીબી પીઆઇ કે.ડી. મંડોરા પાસેથી જ ગોળી પસાર થઇ ગઇ હતી. જેના પગલે પીએસઆઇ પાંચાણીએ પણ લૂંટારૂઓને અંકુશમાં લેવા ફાયરિંગ કર્યું હતું. બન્ને તરફ 6થી 7 રાઉન્ડ કરતાં વધુ ફાયરિંગ થઇ હતી. જેમાં ગોળી વાગવાથી કે અન્ય કોઇ કારણસર લૂંટારૂઓની બાઇક પંક્ચર થઇ જતાં તેઓ ત્યાં ઉભેલી એક રિક્ષાના ઓથામાં સંતાઇને પોલીસ પર ફાયરિંગ કરવાનું જારી રાખ્યું હતું. જોકે, એલસીબી પીઆઇ મંડોરાની એક ગોળી રાહુલ રાજકુમાર સિંગ નામના એક લૂંટારૂના જમણા ખભા પાસે વાગી જતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. સાથી ઇજાગ્રસ્ત થતાં તેની સાથેનો અન્ય સાગરિત ત્યાંથી ભાગવા લાગ્યો હતો. પોલીસે તેનો પિછો કરતાં તેણે પોલીસ પર પુનઃ ફાયરિંગ કરી ત્યાંથી નાસી છુટ્યો હતો. જોકે, પોલીસે ઇજાગ્રસ્ત લૂંટારૂ રાહુલ પાસેથી 22.70 લાખ રૂપિયા રોકડા તેમજ 3 દેશી કટ્ટા જપ્ત કર્યાં હતાં. રાહુલના ખભા પાસે ગોળી ગરભાઇ ગઇ હોવાથી તેને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

## લૂંટારુએ બંદૂક તાકી પણ કોન્સ્ટેબલ ન ડર્યા

અંકલેશ્વરના સાયબર સેલમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલા કોઇ કામઅર્થે યુનિયન બેન્ક પાસેના ગેટ નજીક આવતાં બે શખ્સોની શંકાસ્પદ હિલચાલ જણાઇ હતી. દરમિયાનમાં તેમણે બહારથી જોતાં અંદરની હલચલ જોઇને લૂંટ ચલાવાઇ રહી હોવાનું લાગતા તેઓ તેમનું વાહન પાર્ક કરી બેન્કમાં જઇ રહ્યાં હતાં. તે વેળાં લૂંટારૂઓએ લૂંટને અંજામ આપી તેમને તમંચો બતાવી તેમને બેન્કમાં ધક્કો મારી ત્યાંથી ભાગી ગયાં હતાં. બેન્કમાં લોકોએ તેમને લૂંટ અંગેની જાણ કરતાં તેઓ તુરંત લાકડી લઇને લૂંટારૂઓ પાછળ દોડ્યાં હતાં. તેમણે હિંમતભેર લૂંટારૂઓ સામે બાથ ભડતાં એક લૂંટારૂએ બે રાઉન્ડ ફાયર કરવાની કોશિશ કરી હતી.

**DATE: 05/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બે વેપારી અને ટેમ્પો ચાલક સામે ફરિયાદ નોંધાઈ હતી

# અંકલેશ્વરમાં સરકારી અનાજ વગે કરનાર બે આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં સરકારી ગોડાઉન માંથી ચોખાના ૪૩૨ જેટલા કટ્ટા સગેવગે કરનાર બે વેપારી અને ટેમ્પો ચાલક સામે મામલતદારે જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જે ઘટનામાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય એક ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસી માનવ મંદિર સામે આવેલા મધુવન શોપિંગમાં આવેલી દુકાનમાં સરકારી અનાજનો જથ્થો સગેવગે કરાતું હોવાની બાતમી મામલતદારને મળી હતી.જેના આધારે મામલતદાર પુરવઠા નાયબ મામલતદાર સાથે દરોડો પાડ્યો હતો. તંત્રના દરોડામાં સરકારી અનાજનો જથ્થો ગોડાઉન માં ટેમ્પામાંથી અંકલેશ્વર તાડ ફળિયામાં રહેતા ટેમ્પો ચાલક રાજેશ વસાવા દ્વારા ઉતારવામાં આવી રહ્યો હતો.જેમાં ચોખાના 155 કટ્ટા અને દુકાનમાં અન્ય દહાલ મંડળીના 277 ચોખાના કટ્ટા મળી આવ્યા હતા. સરકારી અનાજ ને સગેવગે કરવાના કૌભાંડમાં મામલતદાર દ્વારા ટેમ્પો, અનાજનો જથ્થો સીઝ કરી ટેમ્પા ચાલક, સુરતના સત્યેન્દ્ર શ્યામસુંદર રાજપૂત અને અંકલેશ્વર હાઉસિંગ બોર્ડના ભગવતી ચુનીલાલ ખટીક સામે જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના આધારે જીઆઈડીસી પોલીસે ટેમ્પો ચાલક રાજેશ ચંદુભાઈ વસાવા રહે તાડ ફળીયા, અંકલેશ્વર, તેમજ ભગવતી ચુનીલાલ ખટીક રહે ગુજરાત હાઉસિંગ બોર્ડ, સુરતી ભાગોળ, અંકલેશ્વર ના ઓ ની ધરપકડ કરી હતી, જ્યારે સુરતના સત્યેન્દ્ર શ્યામસુંદર રાજપૂત ની ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા હતા.

# શનિદેવ મંદિરમાંથી દાનપેટી ચોરી ટેમ્પોમાં લઈ જતાં ત્રણ ચોર પકડાયા

## **જંબુસરના** નહારથી ચોરી કરી હતી, કાવી પોલીસની નાકાબંધીમાં ટેમ્પો પકડાયો

જંબુસર : જંબુસરના નહાર ગામે દરિયા કિનારે આવેલા શનિદેવ મંદિરમાંથી દાનપેટીની ચોરી કરી ને ભાગતી ત્રણ ઈસમોની ટોળકીને કાવી પોલીસે નાકાબંધી દરમ્યાન રંગે હાથે ઝડપી પાડી હતી.



જંબુસરના નહાર ગામે દરીયા કિનારે શનિદેવ મંદિર આવેલું છે. રાત્રે આ મંદિરનો દરવાજાનો નકુચો તોડી પાદરા તાલુકાના 3 તસ્કરોએ દાનપેટીની ઉઠાવી જઈને છોટા હાથીમાં મૂકીને ભાગી રહ્યા હતા. એ વેળા કાવી પોલીસની નાકાબંધીમાં ટેમ્પોને રોકીને ચેક કરતાં તેમાંથી દાનપેટી મળતા પોલીસે શંકા ગઈ હતી. પોલીસ ચોરીનું માલુમ પડતાં આરોપી બળવંત નટુભાઈ સોલંકી, જયેશ સુરસંગ સોલંકી (બંને રહે. ખોખરપુરા અને પરેશ પ્રભાતભાઈ સોલંકી (રહે.સોમજીપુરા, તમામ તા.પાદરા)ને ઝડપી પાડ્યા હતા. મંદિરના પુજારી ઓમકારગીરી ગોવિંદાગીરીએ પોલીસ ફરિયાદ આપતા ત્રણ સામે ગુનો દાખલ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 07/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAASKAR PAGE–04**

### અંકલેશ્વર પોલીસે 26 પોટલી જપ્ત કરી

# ઇંગ્લિશ દારૂની પોટલી પગ પર ચોંટાડી ખેપ મારનાર 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસની સર્વેલન્સ સ્કોર્ડ ને ચોક્કસ માહિતી મળી હતી કે ભાંગવાડ ના પંડિત નામ નો ઈસમ ઈંગ્લીશ દારૂની ખેપ લઈ આવી રહ્યો છે. જે આધારે પોલીસે જીઆઈડીસી બસ ડેપો પાસે વોચ ગોઠવતા પોલીસે બસ માંથી ઉતરી અન્ય સાથી સાથે પંડિત જેવા ભેગા થતા જ પોલીસે ત્રણ ઈસમ ને ઝડપી પાડ્યા હતા પોલીસે તેમની અંગઝડતી લેતા પગના ભાગે તેમજ શરીરના અન્ય ભાગ પર ઈંગ્લીશ દારૂ ની પોટલી બનાવી સેલોટેપ થી ચોંટાડી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ભાંગવાડ ખાતે આવેલ નવી વસાહત માં રહેતો રાહુલ ઉર્ફે કાંચો રૂપેશ પંડિત, ગજાનંદ સોસાયટી ખાતે રહેતા ધર્મેશ છગન પટેલ અને નવીનગરી ખાતે રહેતા મહેન્દ્ર હીરાલાલ ઓડ ની ધરપકડ કરી હતી અને તેમની પાસે અંગઝડતી માંથી 375 એમ.એલ ની 26 પોટલી કિંમત રૂપિયા 5200 મળી નો ઈંગ્લીશ દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ ત્રણે ઈસમ ક્યાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા તે અંગે પૂછપરછ શરૂ કરી હતી.